# ‘નિયાંપો’

શ્રી કચ્છી મિત્ર મંડળ

હૈદરાબાદનું મુખપત્ર

વર્ષ : ૨૦ અંક : ૨૫૫



પ્રમુખ

**સુશીલ ધીરજલાલ કાપડિયા**

મો. ૯૩૯૩૩ ૧૯૩૩૩

માનદ્ મંત્રી

**પ્રેમચંદ કેશવજી છેડા**

મો. ૯૩૪૬૦ ૫૪૬૬૦

સંપાદિકા

**દર્શના દિનેશ દેઢિયા**

ફોન. ૬૬૪૬ ૩૬૯૫,

મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

સહ-સંપાદક

**રમેશ મણીલાલ શાહ**

ફોન. ૨૪૭૫ ૧૮૭૫,

મો. ૯૪૪૦૯ ૯૬૬૫૨

*કાર્યાલય*

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

શ્રી કચ્છી ભવન, ૩-૫-૧૪૨,

ઇડનબાગ, રામકોટ,

હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.

ફોનઃ ૨૪૭૫૨૩૮૩, ૬૫૯૪૨૩૮૩

**email : hydkmm@gmail.com**



મુદ્રક : **ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**

૩૭, રૉયલ પ્લાઝા,

સુલતાન બજાર, હૈદરાબાદ-૯૫

ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦

email :chandraprabhagraphics@gmail.com

કિંમત - રૂ. ૧/-



“નિયાંપો” માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.




## પ્રમુખશ્રીનો સંદેશ

સુશીલ ધીરજલાલ કાપડિયા

*Jay Jinendra...*

*GST the new taxation system will change the way you were doing business in India and I hope you all are already in consultation with your auditor and tax consultants.*

*Its very important to accept the change and to change the way you do your business. Secondly, PM Modiji has cracked his whip and removed Rs. 500/- and Rs. 1000/- notes from the market. Its so very well planned that we are left with no chance but to accept that the black money market is being closed in a big way.*

*Next, I guess will be jewellery you possess which will also come under scrutiny or bank lockers may get tracked.*

*We are moving towards a white money economy, so I request you all to plan your business and lifestyle accordingly .*

*Wishing all of you Good Health.*




હવે આપ વેબ સાઈટ ઉપર “નિયાંપો” વાંચી શકો છો

**www.shrikutchimitramandal.org**

# માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ

પ્રેમચંદ કેશવજી છેડા

- મંડળના સર્વે સભ્યો તથા એમના કુટુંબીજનોને દીવાળી તથા નવા વર્ષની શુભકામના તેમજ આપ સર્વેને નવુ વર્ષ સુખ શાંતિ અને લાભદાયી રહે એવી ઈશ્વર પાસે પ્રાર્થના.
- તા. ૧૬-૧૦-૨૦૧૬ નાં મનોરંજન સમિતિ દ્વારા હનુમાન વ્યાયામ શાળાના ગ્રાઉંડમાં શરદોત્સવ ૨૦૧૬નું આયોજન કરવામાં આવ્યું હતું, સભ્ય પરિવારોએ મન મુકીને ગરબા અને દાંડીયા રાસમાં ભાગ લીધો હતો, કાર્યક્રમમાં વિવિધ હરીફાઈઓ રાખવામાં આવી હતી, સર્વે વિજેતા બાળકો, ભાઈઓ અને બહેનોને ખૂબ-ખૂબ અભિનંદન, સંચાલક શ્રી પ્રતાપભાઈ જાડેજા તથા સાથી કાર્યકર્તાઓને ખૂબ-ખૂબ અભિનંદન.
- તા. ૨૩-૧૦-૨૦૧૬ રવિવારનાં ભવનમાં શ્રી ધનજી લખમશી સાવલાનું અભિવાદન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું, આ કાર્યક્રમનું આયોજન શ્રી કચ્છી મિત્ર મંડળના નેજા હેઠળ નીચે મુજબ સહયોગી સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલ.

    ૧. શ્રી કચ્છી વિશા ઓસવાલ જૈન સમાજ
    ૨. શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સમાજ
    ૩. કચ્છી ઓસવાલ મ્યુ. એડેડ કો-ઓ. ક્રેડીટ સોસાયટી
    ૪. શ્રી અચલગચ્છ જૈન સંઘ – હૈદ્રાબાદ (સીટી)
    ૫. શ્રી અચલગચ્છ જૈન સંઘ – ચૈતન્યપુરી

# સંપાદકીય

સંપાદિકા : દર્શના દિનેશ દેઢિયા
સહ સંપાદક : રમેશ મણીલાલ શાહ

વિક્રમ સં. કારતક શુદ ૧, ૨૦૭૩ થી શરૂ થતો નૂતન વર્ષ આપ સૌ પરિવારજનોને સુખ, શાંતિ, સમૃધ્ધિ તથા સુંદર સ્વાસ્થ્ય આપે તેજ અમારી શુભકામના.

દર બેસતા વર્ષે પછી તે ગુજરાતી વર્ષ પ્રમાણે હોય કે અંગ્રેજી વર્ષ પ્રમાણે હોય – આપણે નિષ્ઠાથી એક 'પણ' લઈએ છીએ કે આ વર્ષે સ્વાસ્થ્ય માટે 'હું રોજ કસરત કરીશ – સવારે વોક કરવા જઈશ' પણ થાય છે એવું કે આ 'પણ'નો અમલ થોડા દિવસ માટે રહે છે અને પછી ભુલાઈ જાય છે અને પાછા જેવા હતા તેવાને તેવા. શિયાળો બેસી ગયેલ છે. આપણે સૌ જાણીએ છીએ કે વર્ષમાં આ ચાર મહિના સ્વાસ્થ્ય સુધારવા માટે ઉત્તમ છે તો ચાલો, જે કોઈ સવારે વોક કરવા ન જતા હોય કે કસરત ન કરતા હોય તે તુરંત શરૂ કરે કેમકે 'પહેલું સુખ તે જાતે નર્યા'.

બીજું, 'નિયાપો'માં મંડલની પ્રવૃત્તિઓના અહેવાલ સાથે 'વિવિધા' વિભાગમાં જાણવા જેવું-મનને ગમે તેવું લખાણ આપવાની કોશિષ કરીએ છીએ. ટાઈટલ પેજ કલરફુલ આપીએ છીએ તેમજ મંડલના વિવિધ કાર્યક્રમોનાં ફોટા પણ કલરમાં આપીએ છીએ. નિયાપોમાં આવેલ આ ફેરફાર માટે આપનો શું અભિપ્રાય છે તે જાણવાની અમારી ઇંતેજારી છે, તે ઉપરાંત તમારી કોઈ પણ અપેક્ષા હોય તો જરૂરથી જણાવવા વિનંતી.

# શ્રી ધનજી લખમશી સાવલા અભિવાદન સમારોહ

આપણી માતૃસંસ્થા શ્રી કચ્છી મિત્ર મંડળ – હૈદરાબાદના ઉપક્રમે હૈદરાબાદની કચ્છી સંસ્થાઓ કચ્છી વિસા ઓસવાલ જૈન સમાજ, શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, કચ્છી ઓસવાલ મ્યુચ્યુઅલી એડેડ કો–ઑપરેટીવ ક્રેડીટ સોસાયટી લિ. (કચ્છી બેંક), શ્રી અચલગચ્છ જૈન સંઘ–હૈદરાબાદ (સિટી) અને શ્રી અચલગચ્છ જૈન સંઘ ચૈતન્યપુરીના સહયોગથી જૈન રત્ન શેઠશ્રી ધનજીભાઈ લખમશી સાવલા અભિવાદન સમારોહનું આયોજન રવિવાર તા. ૨૩–૧૦–૨૦૧૬ના કચ્છી ભવન મધ્યે કરવામાં આવ્યું.

એક વ્યક્તિત્વની ગરિમાને સમર્પિત આ કોર્પોરેટ ટાઈપ યોજાયેલ ભવ્ય કાર્યક્રમમાં આમંત્રિત મહેમાનો અને સમાજના પરિવારો મળીને લગભગ ૧૦૦૦ થી વધારે સંખ્યામાં હાજર રહી લોકોએ શિસ્તબધ્ધ રીતે આ કાર્યક્રમને માણ્યો.

આપણા સૌના લાડીલા સરળ સ્વભાવી વડીલ શ્રી ધનજીભાઈ લખમશી સાવલા શ્રી કચ્છી મિત્ર મંડળમાં ૬ દાયકાથી વધુ સમયથી તન–મન–ધન થી સક્રિય રીતે સંકળાયેલા છે. લગભગ ૩૨ વર્ષો સુધી મંડળના પ્રમુખપદે તથા ઘણાં વર્ષો સુધી મેનેજીંગ ટ્રસ્ટી પદે રહ્યા છે. સમાજની મોટા ભાગની પ્રમુખ સંસ્થાઓમાં ઉચ્ચ હોદા પર રહી કૂનેહપૂર્વક સુકાન સંભાળી સંસ્થાઓને ભારતભરની કચ્છી સંસ્થાઓમાં પ્રથમ હરોળમાં લાવવામાં એમનું મહત્વનું યોગદાન રહ્યું છે. આજે ૮૬ વર્ષની ઉંમરમાં પણ દરેક સંસ્થાઓમાં સક્રિય સેવાઓ આપી રહ્યા છે. સંજોગોવસાત્ શ્રી ધનજીભાઈ લખમથી સાવલા ધર્મપત્ની શ્રીમતી કસ્તુરબેન સાથે મુંબઈ સ્થાયી થવાનું નક્કી થતાં હૈદરાબાદવાસીઓ માટે શુન્યાવકાશ સર્જાશે. યુવા વયથી – જૈફ વય સુધી તેઓશ્રીનું મોટા ભાગનું જીવન સમાજ સમર્પિત રહ્યું છે.

ઉપરાંત પ્રસિધ્ધિ મહાવીર હોસ્પીટલ, JITO, વર્ધમાન બેંક જેવી ૨૪ સંસ્થાઓમાં સક્રિય રીતે સંકળાયેલ શ્રી ધનજીભાઈનું આ દરેક સંસ્થાઓને ગતિશીલ રાખવામાં મહત્વનું યોગદાન રહ્યું છે. રમૂજી સ્વભાવથી તેમણે નાના–મોટા દરેકના દિલ જીતી લીધા છે.

વિરલ વ્યક્તિત્વ – શાંત સ્વભાવી શ્રી ધનજીભાઈની આજીવન સેવાઓને લક્ષમાં રાખી શ્રી કચ્છી મિત્ર મંડળ–હૈદરાબાદ તથા ઉપરોક્ત સહયોગી પાંચ સંસ્થાઓએ એમના કાર્યની કદરરૂપે તથા એમનાં પ્રત્યે આદર વ્યક્ત કરવા **''લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ''**થી નવાજેલ. ઉપરાંત હૈદરાબાદની ૨૪ સંસ્થાઓના પ્રતિનિધિઓએ પણ એમનું સન્માન કરી ગૌરવ પ્રદાન કરેલ.

કાર્યક્રમની શરૂઆત નવકાર મંત્રથી કરવામાં આવી. શ્રી ધનજીભાઈના સમગ્ર જીવન ઉપર એમની તસવીરી યાદો વિશાળ સ્ક્રીન પર દર્શાવી શ્રી તારાચંદ ધરોડે એમની જીવન યાત્રાની મોંઘેરી પળોને પોતાની આગવી શૈલીમાં રજૂઆત કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા. આમંત્રિત મહેમાનો તથા મંડળ અને સહયોગી સંસ્થાઓના વક્તાઓએ શ્રી ધનજીભાઈ સાથેની સુખદ પળોની આગવી ઢબે રજૂઆત કરેલ. સન્માન સમારંભ માટે ભવનને વિશિષ્ટ રીતે શણગારી ભારતીબેન નાગડાએ કાર્યક્રમને વિશેષ ઓપ આપેલ. ૧૦૦૦ થી વધુ સંખ્યામાં પધારેલ મહેમાનો માટે લેવીશ અને સ્વાદીષ્ટ ભોજનની વ્યવસ્થા શ્રી પ્રતાપભાઈ જાડેજાએ એમના નિમંત્રણ કેટરર્સ દ્વારા કરેલ. કાર્યક્રમના બીજા ભાગમાં રંગારંગ સંગીત

પીરસનાર રામ અને અંજલિએ શ્રોતાઓને મંત્રમુગ્ધ કરેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી ખુશાલી નાગડા અને શ્રીમતી દર્શના સાવલાએ પોતાની આગવી છટાથી કરેલ. કાર્યક્રમમાં પ્રત્યક્ષ તથા પરોક્ષ સહાયરૂપ થનાર સર્વેનો ખૂબજ આભાર.

શ્રી કચ્છી મિત્ર મંડળ દ્વારા આ કાર્યક્રમના આયોજન માટે અભિવાદન સમારોહ સમિતિનું ગઠન કરવામાં આવેલ જેના મુખ્ય સંયોજક તરીકે મને જવાબદારી સોંપી જે બદલ મંડળના ટ્રસ્ટબોર્ડ–કારોબારી સમિતિના સર્વે સભ્યોનો આભારી છું. અભિવાદન સમારોહ સમિતિના મારા સાથીઓ શ્રી સુશીલ કાપડિયા – શ્રી સુરેશચંદ ગોસર – શ્રી હેમાંગ મોમાયા, શ્રી દિર્ગેશ નિશર, શ્રી પ્રતાપ જાડેજા અને આ ભવ્ય આયોજનમાં ખભેખભા મેળવી દરેક કાર્યોમાં સાથ આપનાર માનદ્ મંત્રી શ્રી પ્રેમચંદ છેડા તથા સહમંત્રીશ્રી દિનેશ ગોસરનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરૂં છું.

આ ઐતિહાસિક કાર્યક્રમના સાક્ષીરૂપ આપ સૌ સભ્ય પરિવારજનોનો હું મંડળવતી આભાર વ્યક્ત કરૂં છું. કાર્યક્રમની પૂર્ણાહૂતિ રાષ્ટ્રગીતથી કરવામાં આવી.

કન્વીનર : **નીતિન શીવજી ધરોડ**

# માનવ મિત્ર સમિતિ

સંચાલક :
હરિલાલ ભીમશી સાવલા

દિવાળી અને નૂતન વર્ષ ‘સાલમુબારક’ સર્વે સભ્યોએ સારી રીતે ઉજવેલ હશે. માનવમિત્ર સમિતિના સભ્યો આપ સર્વે સભ્યો પરિવારને નવા વર્ષ નિમીત્તે ‘સાલમુબારક’ ની શુભેચ્છા પાઠવે છે અને આપ સર્વે પરિવારને શુભદાયી અને સફળ નિવડે એજે પ્રભુ પ્રાર્થના.

| દાતાઓના નામ | આશ્રમ રૂ. | ગૌશાલા રૂ. એક ઓટો | ડાયાલીસીસ (એક ના રૂ.૫૦૦લેખે) | પીપલ્સ ફોર એનીમલ | હોસ્પિટલ | જીવદયા (કબુતરને ચણ) |
|---|---|---|---|---|---|---|
| શ્રી મનિષ મગનલાલ સાવલા<br>પૂ. માતુશ્રીની પુણ્યનીથી નિમિત્તે | ૫૦૦૦ | - | - | - | - | - |
| એક સદ્ગ્રહસ્થ તરફથી | ૨૫૦ | - | - | - | - | - |
| | | | | | | |

ઉપરોક્ત સર્વે દાતાઓનો આભાર



દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :
**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)
ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ – ૫૦૦ ૦૯૫.
નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯
(જા.ખ.)

## મનોરંજન સમિતિ

સંચાલકઃ પ્રતાપ જાડેજા
૯૯૫૯૯ ૪૪૮૨૨

મનોરંજન સમિતિ દ્વારા શરદપુનમનો ''રાસ-ગરબા''નો કાર્યક્રમ તા. ૧૬-૧૦-૨૦૧૬ સ્થળઃ એચ.વી.એસ. સ્કૂલ ગ્રાઉન્ડમાં રાખવામાં આવેલ હતો.

લગભગ ૯૦૦ સભ્યોએ આ કલરફુલ કાર્યક્રમને આનંદ ઉલ્લાસથી માણેલ. બેસ્ટ પ્લેયર્સ, બેસ્ટ ટ્રેડીશનલી ડ્રેસ્ડ અને બાળકોને જેઓએ ગરબામાં ભાગ લીધેલ તેઓને ઈનામો આપવામાં આવેલ. કુલ્લ ૫૧ ઈનામો આપવામાં આવેલ.

કાર્યક્રમના જજ હતા - શ્વેતા જાડેજા, ઝેની મોમાયા, બીના મહેતા.

દુધ-પૌઆ સાથે સ્વાદીષ્ટ વ્યંજનનો-સર્વેએ ખુબજ દીલથી આનંદ માણ્યો.

## યુવા સમિતિ

સંચાલકઃ નિશિત માલદે
ફોન : ૯૫૦૫૭ ૫૭૩૪૨

### THE "PHOTOG" TREASURE HUNT

A treasure hunt with a twist whether you are a budding Sherlock Holmes, or just looking to have some fun, we have something in store for you !

You shall have to run around the city "Hunting" for clues, and the "Pani-Puri Bandi" opposite to Reliance Foot Wear, Himayatnagar might or might not be your first clue !

If you enjoy clicking selfies, it might just learn you some extra points !

| | | |
|---|---|---|
| Age Group | : | 14 to 35 |
| When | : | Sunday, 25th December 2016 at 10.00 am |
| Where | : | Flag off from Kutchi Bhawan to ... |
| Teams | : | Each team is to have 4 people |
| Registration | : | Saturday, 17th December 2016<br>at Kutchi Bhavan from 5 pm to 7.00 pm |

- Each team must have two people with valid driving license who shall drive around.
- You can register as a team, or as an individual (and we shall form a team for you!)
- More details to follow soon. For any queries, contact Nishit Malde on 95057 57342.





વૈદિક, જૈન પદ્ધતિથી લગ્ન વિધી, વાસ્તુ શાન્તિ, પિતૃદોષ, કાળસર્પ નિવારણ, સત્યનારાયણની પૂજા, રાંદલ (રન્નાદેવઈ) તેડવા, નડતા દરેક ગ્રહોની શાન્તિ, શ્રાધ્ધ, નાગ-નારાયણ બલી, દસમું, અગ્યારમું, બારમું, તેરમું વગેરે જન્મ કુંડી અને ફળાદેશ, આર્થિક, માનસિક, શારીરિક ચિંતાના પ્રશ્નો માટે સંપર્ક કરો

**વિજયકુમાર શુકલા** ફોન : ૨૪૪૧ ૪૯૦૩, ૯૩૯૧૨ ૩૩૪૦૮

ફોન કરો ત્યારે આપનો ફોન નંબર તેમજ સરનામું જરૂર આપશો (જા.ખ.)

# ગાલા નુખના

## ભાવિકો અને નિયાણી બહેનો

જોગ,

સવિનય જણાવવાનું કે ગાલા નુખના વિશલ માતાજી ને નમતા સર્વે ભાવિકોની સમુહ પહેડી તા. ૨૭-૧૧-૨૦૧૬ રવિવાર સવારના ૧૦.૦૦ કલાકે શ્રી કચ્છી ભવનમાં રાખવામાં આવેલ છે. તો સર્વે ભાવિકો સહ પરિવાર તથા નિયાણી બહનેનોને સજોડે પધારવા ભાવભીનું આમંત્રણ છે.

## કાર્યક્રમ

| | |
|---|---|
| માતાજીનું સામૈયું (કચ્છી ભવનની બાજુથી) | ૧૦.૩૦ કલાકે |
| ગત વર્ષની પહેડીની વિગત તથા અન્ય માહિતી | ૧૧.૦૦ કલાકે |
| માતાજીના સ્તુતિગીત (૫) પાંચ | ૧૧.૧૫ કલાકે |
| માતાજીને પ્રસાદી જુવારવાનું (ચિઠ્ઠી દ્વારા) | ૧૨.૦૦ કલાકે |
| માતાજીની આરતી (ચિઠ્ઠી દ્વારા) | ૧૨.૩૦ કલાકે |
| માતાજીની પ્રસાદી | ૧.૦૦ કલાકે |

**આરતી પછી માતાજીની પ્રસાદી લેવાનું સર્વે ભાવિકો તથા નિયાણી બહેનોને ભાવભર્યું આમંત્રણ છે. કાર્યક્રમમાં સમયસર પધારવા ખાસ વિનંતી.**

**❊ પ્રસાદીના લાભાર્થી ❊**

## શ્રીમતી રૂક્ષ્મણીબેન પ્રવિણભાઈ મેઘજી ગાલા પરિવાર
## શ્રીમતી જયાબેન પ્રફુલ્લ ઝવેરીલાલ ગાલા પરિવાર

**નોંધ :**

૧) શ્રીફળ પ્રથા બંધ છે.

૨) ભાવિકોને ખાસ વિનંતી કાળા વસ્ત્રો પહેરીને આવવું નહીં

૩) નિયાણી બહેનોને 'સજોડે' પધારવા વિનંતી.

લી. **ગાલા ભાવિક સંઘ**

(જા.ખ.)

**હૈદ્રાબાદ ના જયજીનેન્દ્ર**

## સંસ્થા સમાચાર

❖ **કચ્છી વિશા ઓસવાલ જૈન સમાજ, હૈદરાબાદ** : સંસ્થા દ્વારા તા. ૬-૧૧-૨૦૧૬ને રવિવારના સાંજના પાંચ વાગ્યાથી ''દિવાળી મેલા'' ૨૦૧૬નો આયોજન હનુમાન વ્યાયામ શાળા ગ્રાઉન્ડ મધ્યે રાખવામાં આવેલ, જેમાં વિવિધ રમત-ગમતના સ્ટોલ નિશુલ્ક રાખવામાં આવેલ સાથે સ્વાદિષ્ટ વાનગીઓના સ્ટોલ પણ રાખવામાં આવેલ. નાના ભુલકાઓ માટે ફન ઝોન તથા ઘોડા, ઉંટની સવારીની મજા હતી, સાથે ઑરકેસ્ટ્રા હતો, ''મ્યૂઝીકલ તંમ્બોલો''માં બધાને ખૂબજ આનંદ આવ્યો. રમત-ગમતના વિજેતાઓને તથા સ્ટોલ સજાવટ તથા સ્વાદિષ્ટ વાનગીઓ માટે ઈનામો આપવામાં આવ્યા. આ રંગારંગ કાર્યક્રમ ૧૧ વાગે પૂર્ણ થયેલ. અંદાજીત ૫૦૦ સભ્યોએ મજામાણી, બેનર દાતાઓ તથા ઈનામના દાતાઓનો સંસ્થા તરફથી ખૂબ આભાર, સર્વે વોલીન્ટિયર ભાઈ-બહેનોનો ખૂબ આભાર....

## જીવન ચક્ર

### સગપણ નોંધ

| | | |
|---|---|---|
| ચિ. કુમાર લાલજી રવજી દેઢિયા | ભુજપુર | હૈદ્રાબાદ |
| ચિ. વૈશાલી લક્ષ્મીચંદ સુંદરજી નાગડા | ભોજાય | હૈદ્રાબાદ |
| ચિ. બિજલ નિતિન વિશનજી હરિયા | શેરડી | હૈદ્રાબાદ |
| ચિ. હાર્દિક જીતેન અમૃતલાલ ભેદા | સમાગોગા | હૈદ્રાબાદ |

### પુત્રી જન્મ

| | | |
|---|---|---|
| શ્રીમતી ભાવિની ભાવેશ હેણિયા | સાભરાઈ | હૈદ્રાબાદ |

## હાર્દિક શ્રધ્ધાંજલિ



**શ્રી પ્રફુલભાઈ કુંવરજી ધરોડ**

*સમય જિંદગીનો ઓછો હશે*
*કયાં ખબર હતી ?*
*વિદાય તમારી અણધારી હશે*
*કયાં ખબર હતી ?*
*એક પળમાં ઘણાં અરમાન*
*છોડી ગયા તમે,*
*જિંદગી ટૂંકી છતાં ઘણી યાદો*
*મૂકી ગયા તમે.*
*અમારા હિતેચ્છુ અને પરમ*
*મિત્ર પ્રફુલ્લભાઈને શ્રધ્ધા સુમન*

**શ્રી રિદ્ધી સિદ્ધી સ્નેક્સ & ખાખરા**
*નિતીન શાંતીલાલ ગાલા*
9963010657

(જા.ખ.)

# માનવ કલ્યાણ સેવા સમિતિ

**ચેરિટેબલ ક્લીનિક**

અરિહંત સુલભ એપાર્ટમેન્ટ, બેંક ઑફ ઇંડિયા પાછળ, જૈન મંદિર પાસે,
કાચીગુડા સ્ટેશન રોડ, હૈદરાબાદ – ૫૦૦ ૦૨૭. ફોન. ૦૪૦–૨૭૫૫૭૭૧૧

સહર્ષ જણાવવાનું કે માનવ કલ્યાણ સેવા સમિતિ સંચાલિત ચેરીટેબલ ક્લીનીક–કાચીગુડામાં ડિસેમ્બર ૨૦૧૬ થી પ્રતિ શુક્રવાર રાત્રે ૮ થી ૯ દરમ્યાન કાર્ડીયોલોજીસ્ટ ડોક્ટર ઉપલબ્ધ રહેશે.

## ડૉ. પંકજ જરીવાલા

M.D., DNB, DNB (Cardiology), MNAMS, FICPS
Consultant Interventional Cardiologist

## દર શુક્રવાર રાત્રે ૮ થી ૯ વાગ્યા દરમ્યાન

કન્સલ્ટેશન ફી રૂા. ૧૦૦ પ્રતિ વિઝીટ (નોન રિફન્ડેબલ)

**દર શુક્રવારે ફક્ત ૫ થી ૬ દર્દીઓ લાભ લઈ શકશે.**

અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી છે. સર્વે જરૂરતમંદોને આ સેવાનો લાભ લેવા વિનંતી. (જા.ખ.)

વધુ માહિતિ તથા એપાઇન્ટમેન્ટ માટે સંપર્ક : **ચેરીટેબલ ક્લીનીક ફોન–૨૭૫૫૭૭૧૧**

**સવારના ૧૧.૦૦ થી ૧.૦૦, સાંજે ૪.૦૦ થી ૬.૦૦**

---

॥ શ્રી અંબે માતાજીને નમઃ ॥

# છેડા અને ભેદા નુખના ભાવિકોની પહેડી

**ભાવિકો અને નિયાણી બહેનો જોગ**

સવિનય જણાવવાનું કે છેડા અને ભેદા નુખના અંબા માતાજીને નમતા ભાવિકોની સમૂહ પહેડી તા. ૧–૧–૨૦૧૭ રવિવાર સવારના ૯.૩૦ કલાકે શ્રી કચ્છી ભવનમાં રાખવામાં આવેલ છે. આ પ્રસંગે છેડા અને ભેદા નુખના સર્વ ભાવિકો સપરિવાર તથા નિયાણી બહેનોને સજોડે પધારવા ભાવભીનું આમંત્રણ છે.

**કાર્યક્રમ**

| | |
|---|---|
| માતાજીનું સામૈયુ તથા સ્થાપના | ૦૯.૩૦ કલાકે |
| માતાજીના ભજનગીતની રમઝટ તથા રાસગરબા | ૧૦.૦૦ કલાકે |
| ગત વર્ષની પહેડીની વિગત તથા અન્ય માહિતી | ૧૨.૦૦ કલાકે |
| માતાજીને પ્રસાદ થાળ જુવારવાનુ | ૧૨.૧૫ કલાકે |
| માતાજીની આરતી | ૧૨.૩૦ કલાકે |
| માતાજીની પ્રસાદી (પ્રીતિભોજન) | ૦૧.૦૦ કલાકે |

આ વર્ષની પહેડી માતુશ્રી વિમલાબેન મગનલાલ ભેદા પરિવાર તરફથી રાખવામાં આવેલ છે.

લી. **છેડા અને ભેદા ભાવિક સંઘ**, હૈદ્રાબાદના જયજિનેન્દ્ર

સંપર્ક : દેવચંદ છેડા–મો. ૯૨૯૦૦ ૬૫૧૫૬, પોપટલાલ છેડા–મો. ૯૪૪૦૦ ૫૫૧૧૩
રતીલાલ છેડા–મો. ૯૩૯૪૪ ૫૪૫૫૩, અમૃતલાલ ભેદા–મો. ૯૮૪૯૦ ૦૧૯૯૧ (જા.ખ.)

નોંધ : શ્રીફળ પ્રથા બંધ છે. ભાવિકોને ખાસ વિનંતી કાળા વસ્ત્રો પહેરીને આવવું નહીં.

# વિવિધા

કચ્છ-શક્તિ દ્વારા આયોજિત નિબંધ સ્પર્ધામાં પ્રથમ આવેલી કૃતિ

## -: સંયુક્ત કુટુંબના લાભાલાભ :-

સંયુક્ત કુટુંબનો વિષય ખરેખર ખૂબજ સરસ વિષય છે. જો તેને બરાબર સમજવામાં આવે અને તે પછી તેને જીવનમાં ઉતારવામાં આવે તો તે ખરેખર ઉત્તમ વસ્તુ છે.

સંયુક્ત કુટુંબ એટલે કે ઘરના બધા જ સભ્યોનો સમૂહ. જ્યારે ઘરના બધાજ સભ્યો એક જ રાગથી, એક જ મતિથી, એક જ નીતિથી ખભેખભા મેળવી સાથે રહેતા હોય તો સ્વર્ગ તે સિવાય બીજે ક્યાં ઉદ્‌ભવી શકે ?

સુસંચાલિત સંયુક્ત કુટુંબ જોઇને ભલભલા મોઢામાં આંગળાં નાખી દે અને બધા એક જ અવાજમાં તારીફ કરે કે ''અહો ! કેવું સુખી કુટુંબ કર્તાએ નીરમ્યું છે !!!''

હવે સંયુક્ત કુટુંબના લાભ-ગેરલાભ પર ધ્યાન દોરવીએ. દરેક યોજનાના ફાયદા અને ગેરફાયદા એમ બંને હોય છે. હંમેશ બે બાજુ રહે જ છે. ફાયદા, ગેરફાયદાઓને ત્રાજવે તોળી અને તારવવાનું છે કે સંયુક્ત કુટુંબમાં રહેવાથી ફાયદો છે કે ગેરફાયદો ? સમીકરણ માંડી વિચારવાનું કે સંયુક્ત કુટુંબ ફાયદામંદ રહે કે નાનું સ્વતંત્ર કુટુંબ.

તો પહેલાં આપણે સંયુક્ત કુટુંબના ફાયદાઓનું વિહંગાવલોકન કરીએ અને પછી તેના ગેરફાયદાઓનું વિશ્લેષણ કરીશું.

## સંયુક્ત કુટુંબના ફાયદાઓ (લાભ)

૧) એક જ ઘર, એક જ છાપરૂં, એક જ નેજા નીચે બધાંએ રહેવાનું. સુખ, દુઃખ બધાં જ વચ્ચે વહેંચાઈ જાય.

૨) કુટુંબનો એક જ વડો હોય (મોભી) તેની જ આણ વર્તે. એક જ સેનાપતિ અને બાકીના સેનાના સભ્યો. આમ હોવાથી નિર્ણયો ત્વરિત લેવાય. ''मुंडे मुंडे मतिः भिन्ना'' ની સ્થિતિ ન પ્રવર્તે.

૩) પોતાના લાભનો વિચાર જ ન હોય. બીજા માટે આપણે શું કરી છૂટીએ તેવી જ ભાવના- ઉદ્દાત ભાવના હોય.

૪) ''वसुधैव कुटुम्बकम्'' ની ભાવના જન્મે.

૫) બધાં જ સભ્યો એકબીજાંને સારામાં સારી રીતે સમજી શકે.

૬) જુદી જુદી જગ્યાનાં ભાડાં, એડવાન્સ બચી જાય. એક જ રહેણાંક હોતાં સહજ રીતે જ સસ્તું પડે.

૭) એક જ રસોડું હોતાં તે જુદા જુદા રસોડાંઓથી અનેકગણું સસ્તું પડે.

૮) જુદા જુદા ફર્નિચર, નોકરચાકર વગેરેના ખર્ચામાંથી બચી જવાય.

*Visit* **HET ENTERPRISES**

*4-1-1237/B, Beside Lane to Brand Factory, Fernadez Hospital Lane, Bogulkunta, Hyderabad*

**Ph : 81219 21999, 80999 66606**

*ONE STOP SHOP FOR ALL JUST BORN BABY ITEMS AND KIDS WEAR*

(જા.ખ.)

**હાથે બનાવેલ તાજા થેપલા – ખાટા ઢોકળા – ખમણ ઢોકળા – ખાંડવી – સેન્ડવીચ ઢોકળા તથા ચોકલેટ તથા ચોકલેટ રોલ ઓર્ડરથી બનાવીને આપશું.**

**આસામની ચા પત્તી–ચાનો મસાલો–હીંગ–બટેટાની ચીપ્સ–બટેટાના મુરકુલ–બટેટાની સલી તથા ચોખાના ખીચીયા–ઓડર પ્રમાણે નાસ્તા બનાવી આપવામાં આવશે.**

સ્ટીલના વાસણ ઘર ઉપયોગી બજાર કરતાં.

વ્યાજબી ઓછા ભાવે મળશે

એક વખત પધારી ખાત્રી કરશો

**લીના એમ. શાહ – ૯૮૪૭૩૩૮૨૦**

(જા.ખ.)

**"We have Mentors with Mind of A Teacher & Heart of A Parent"**

Proudly announces the commencement of LKG

HUNNY BUNNY Play School

Admissions Open

Learning n Beyond

Playgroup & Nursery

• Contact •

Surbhi Vora
9491123843

Mamta Vora
9391233045

Nipa Vora
9533904870

3-4-512/28,1st Floor,
Barkatpura Colony Garden,
Barkatpura, Hyderabad - 27,
Phone 64642425,

Email: hunnybunnyhyd@gmail.com

(જા.ખ.)

૯) બધાં જ સભ્યો એકબીજા સાથે હળીમળીને રહે. દૂધમાં સાકર જેમ ભળી જાય અને દૂધ મીઠું લાગે તેવી જ રીતે બધાં જ સભ્યો એકમેકમાં ભળી જાય.

૧૦) નબળા-સબળા ઢંકાઈ જાય. બધા જ સભ્યોની આમદાની એકસરખી ન હોય. અમુક સભ્યોની આમદાની ઓછી હોય તો પણ બહારવાળાને તેનો અણસાર કે અંદેશો ન આવે.

૧૧) એકબીજાના ચોપડાઓ, કપડાં, બૂટ-ચંપલ એકબીજાને ઉપયોગી થતાં તે વેડફાય નહીં અને કુટુંબમાં બચત થાય.

૧૨) મોટાં બાળકો નાનાં બાળકોને ભણાવી શકે, માર્ગદર્શન આપી શકે.

૧૩) જે સભ્ય દંપતી બંને કામધંધો સંભાળતા હોય કે નોકરી કરતાં હોય તેમને પાછળ તેમના બાળકોની ફિકર ન રહે. ઘરનાં મોટેરાંઓ બધાંનું ધ્યાન રાખતાં હોય તેથી માબાપને બાળકની ચિંતાનું કોઈ જ કારણ ન રહે.

૧૪) બાળક માદુંસાજું થાય તો તે બધાંની વચ્ચે સચવાઈ જાય. તેના માટે તેમના મા-બાપને કામધંધો છોડી ઘરે બેસવું ન પડે. બાળકને જમવાનું, દવા વગેરે સમયસર મળી રહે.

૧૫) બાળકોને, એકબીજાની કંપની મળતી હોવાથી બહારના કોઈ સભ્યોની જરૂરિયાત ઊભી થાય નહીં.

૧૬) ઘરમાં આવનાર મહેમાન પણ સંયુક્ત કુટુંબના સ્વર્ગસુખની સરભરા માણી શકે. ખૂબજ સંતુષ્ટ થાય.

૧૭) ઘરની કોઈ પણ વ્યક્તિ સિદ્ધિને વરે તેનો આનંદ ઘરના બધા જ સભ્યોના મુખારવિંદ પર રેલાતો હોય. ''તેને સિદ્ધિ મળી એમાં મને શું ?'' જેવી લાગણીને સ્થાન જ ન હોય.

૧૮) ઘરમાં બધાંનું એક જ ઉપકરણથી કામ ચાલે.

૧૯) રસોડાનું કામ એક જ જણ પર ન આવતાં ભાગે પડતું વહેંચાઈ જાય.

૨૦) વહેવાર સહેવામાં બધી જ જગ્યાએ પહોંચી વળાય.

૨૧) ઘરની કોઈ નબળાઈ ઘરમાં જ ઢંકાઈ જાય.

૨૨) ''મારૂં'' શબ્દને સ્થાન જ ન હોય. બધું જ ''આપણું''.

૨૩) જમીન પર સ્વર્ગ હોય તો તે સંયુક્ત કુટુંબમાં જ છે એવી ભાવનાનો આભાસ આગંતુકને થાય.

૨૪) આવું સંયુક્ત કુટુંબ સમાજમાં દાખલારૂપ થાય અને બીજાં સંયુક્ત કુટુંબો જન્મ લેતાં થાય.

આમ ''સંયુક્ત કુટુંબ''ના ફાયદાઓ અગણિત છે. હવે તેના ગેરફાયદાઓ પણ જોઈ લઈએ.

## સંયુક્ત કુટુંબના ગેરફાયદાઓ

સંયુક્ત કુટુંબમાં એકાદ પાત્ર જ્યારે ''કૈકેયી'' જેવું આવી જાય ત્યારે સ્વર્ગીય વાતાવરણ કલુષિત થાય.

૧) ''મારૂં'', ''તારૂં''ની ભાવના જન્મ લે.

૨) ''આ તારો સગો ભાઈ છે'', ''આ તારી સગી બહેન છે'', ફલાણો તારો સગો ભાઈ-

# શુદ્ધ ઘીની ઘરમાં બનાવેલ મિઠાઈ

મગદરીયા લાડું (પાંચ ધાન્યના)

ફીણીયા લાડું

નાચણી (રાગી) ખજુર લાડુ (સુગર ફ્રી)

અલશી મખાના લાડું (કેલશિયમ-વિટામીનથી ભરપુર)

ડ્રાયફ્રુટ લાડું (ઘઉના)

ગોળ પાપડી

ગોળીયા લાડુ

અડદિયા પાક (શીયાળુ પાક)

કોકોનેટ બીસ્કીટ

સાંગલીના ભડંગ

શીંગદાણાની ચટણી

સિકંદર ના ખારી સીંગ

સિકંદર ના ચણા

ફાર્મા ગ્રેડ સ્પેશીયલ દવા માટેની હળદળ

**સ્પેશીયલ અડદિયા પાક તૈયાર મળશે**

---

*Contact*

**PRAVIN K. CHHEDA**

102, Uma Residency, Near Jineshwardam,
Kachiguda, Hyderabad. (R) Ph : 2755 2939

PRAVIN CHHEDA - 89857 59320

PREMILA CHHEDA - 90146 66932

(જા.ખ.)

સગી બહેન નથી પણ ''પિત્રાઈ ભાઈ-બહેન છે'', Cousin છે. આવી ભાવના બાળકના કુમળા માનસપટ પર કંડારાતાં સંયુક્ત કુટુંબનું માળખું પાયાથી હઠી જઈ જમીનદોસ્ત થઈ જાય છે.

૩) ઘરના વડાને સંયુક્ત કુટુંબ ટકી રહે તેવી તીવ્ર ઈચ્છા હોય, ઉત્કટ ભાવના હોય, સંયુક્ત કુટુંબ થકી સમાજમાં પોતાનું મસ્તક ઊંચું રહે તેની ખુશી અને ખુમારી હોય ત્યારે વડા આ બધા માટે નાની-મોટી કુરબાની આપવાનું સાર્થક સમજતા હોય, તે માટે કોઈ એકાદ બે સભ્યોનું નબળું પાસું પણ ચલાવી લેતા હોય તેનો કોઈ એકાદ સભ્ય ગેરલાભ ઊઠાવે તો શી હાલત થાય ?

૪) એકાદ બે સભ્યો, કુટુંબના વડાની, સંયુક્ત કુટુંબ નિભાવવા થોડું ઘણું જતું કરવાની ભાવનાને, આંખ આડા કાન કરવાની ભાવનાને જ્યારે તેની નબળાઈ માની લઈ ગેરલાભ ઊઠાવે.

૫) સંયુક્ત કુટુંબને કારણે કુટુંબના વડાએ જે માન હાંસલ કર્યું હોય તે ચાલ્યા જવા ન દેવાની તેની ખ્વાહિશના કારણે કોઈ સભ્યથી થતી પજવણી કે હરકતની વિગત બહાર ન જવા દેવાય તેનો લાભ ઉઠાવી કોઈ એકાદ સભ્ય ઘરમાં પાઈ-પૈસો આપવાનું બંધ કરે અથવા તો પહેલેથી જ બંધ હોય, તો જે સભ્યના ૨-૩ બાળકો સ્કૂલ-કૉલેજમાં અભ્યાસ કરતાં હોય, જેમનાં પુસ્તકો, ડોનેશન્સ વગેરે સંયુક્ત કુટુંબને ભારી હોય ત્યારની પરિસ્થિતિ ખરેખર વિચારણીય છે.

૬) ઘરના સભ્યોની પોતાની સર્વસ્વ કમાણી કુટુંબના વડાને સુપરત થતી હોય ત્યાં આવો એકાદ સભ્ય જે કુટુંબવાળો હોવા છતાં પણ જવાબદારી ઉપાડે નહીં, જેને ઘરની ઑફિસમાં ઘરે લગાડાય ત્યારે પણ મનફાવે ત્યારે જાય, બપોરના ૩-૪ વાગ્યા સુધી ઑફિસમાં પોતાના દર્શન દુર્લભ બનાવે, સવારે નાસ્તો પાણી પતાવી ''બહારનાં કામો'' (પોતાનાં જ) માટે નીકળી પડે, ઊંધા રસ્તાની કમાણીમાંથી કુટુંબને એક તાંબિયો પણ ન પરખાવે, પોતાનો ફોન ખર્ચ મર્યાદિત રાખે અને ઘરના બધા જ ફોનનો ભરપૂર ફાયદો ઉઠાવે, ઘરનાં વાહનો ઘરના જ પેટ્રોલથી, પેડ્રોકાર્ડથી માણે, ક્યારેક ગેરકાનૂની કામોમાં ગળાડૂબ ડૂબી જાય, ચોરીનો માલ વેચવા પ્રવૃત્ત થાય અને તેમાં પકડાય ત્યારે સંયુક્ત કુટુંબના અન્ય સભ્યોની પરસેવાની કમાણીના પૈસાથી વકીલો પાછળના મબલખ ખર્ચા કરી તેને છોડાવી પાછો ઘર લઈ અવાય. આ બધું કુટુંબના વડાની સંયુક્ત કુટુંબ ટકાવવાની ભાવનાથી થતું હોય પણ તે સભ્યના પેટનું પાણી પણ ન હલે. તેના મનની કાળાશ-મેલાશ અકબંધ જ રહે.

૭) જે મા-બાપે પેટે પાટા બાંધી આવા સભ્યોને ભણાવી, પાળી-પોષી મોટા કર્યા હોય, સ્કૂલ -કૉલેજોની પિકનિકોમાં મોકલ્યા હોય, જે સિનેમા જોવાનું મન થાય તે સિનેમા જોવા મોકલ્યા હોય, જે હોટેલમાં ખાવાનું મન થાય ત્યાં ખવડાવ્યા હોય તેવા મા-બાપને આવા સભ્યો બુઢાપામાં માસિક રૂ. સો તો બાજુએ રહ્યા, માસિક રૂ. ૧૦/- પણ ન આપતા હોય તો તે સભ્ય પાસેથી બીજી શી અપેક્ષા રાખી શકાય ? કંઈક આપી શકવાને બદલે સંયુક્ત કુટુંબના રોટલા તથા ઓટલા તોડતા હોય તેવા સભ્યની આથી વિશેષ નાલાયકી બીજી શું હોઈ શકે ? આવે વખતે તો થઈ જાય કે આના કરતાં તો સંયુક્ત કુટુંબ ન હોય એ જ વધુ સારૂં.

૮) પોતાના કુટુંબને પિયર - મોસાળ મોકલી દે પછી કુટુંબના અન્ય બાળકોની જેને



# R.S. BANDHANI HOUSE

**કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં**

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા.ખ.)

## You are beautiful....we just compliment it!

abha
be gorgeous

BEAUTY & HAIR SERIVCES | SPA | TRAINING WORKSHOP

by Bhavini Patel

Now at New & Spacious Space

- ✍ Bridal Mehendi
- ✍ Body Spa
- ✍ Ultrasonic Treatment
- ✍ Bridal HD Make-up
- ✍ Hair Spa & Treatment
- ✍ Foot & Hand Spa
- ✍ Bridal Packages
- ✍ Stone Theorpy

**Designer Mehendi & Grooming Classes**

**3-4-58/2, Lingampally. Opp. Raghavendra Temple, Kachiguda,**
**Hyderabad - 500 027. Ph : 99081 83870 E-mail : bhavinipatel.abha@gmail.com**
**Monday to Saturday 11.00 am to 8.00 pm - Sunday Closed**

(જા.ખ.)

જરાય પડી ન હોય, રાતના ત્રણ-ચાર વાગ્યા સુધી જે ઘરભેગો ન થાય (આટલી મોડી રાત સુધી ક્યાં પથારો પથરાતો હશે !!! વિશ્વના ક્યા જટિલ પ્રશ્નોનું આટલી મોડી રાતે નિરાકરણ થતું હશે ?) આ બધું થવા છતાં પણ જે સભ્યને સહેવો પડતો હોય, ''આ તારો સગો ભાઈ છે'' કહેતી કૈકેયી માતાને નભાવી લેવી પડે તેનો કોઈ અર્થ ખરો કે ? આવા ઊલ્ટા પાસા પડે ત્યારે તો જૂઠી શાન-આબરૂને ત્યાગવામાં જ કલ્યાણ છે. આવા દષ્ટાંતો જ્યારે પ્રકાશમાં આવે ત્યારે તો ''સંયુક્ત કુટુંબ''ની ભાવનાને જડમૂળથી ઉખેડી કાઢી ખૂબ જ ઊંડે ધરબી દેવી જ વધુ યોગ્ય લાગે છે. શું અભિપ્રાય છે આપનો ?

આ બધાં પાસાંઓના તટસ્થ રીતે લેખાં-જોખાં કર્યા પછી સંયુક્ત કુટુંબના ફાયદા-ગેરફાયદાઓનો વિચાર કરીએ તો તેના ગેરફાયદાઓ કરતાં ફાયદાઓ જરૂર વધુ અને વિશેષ દેખાય.

એક બીજા માટે કંઈક કરી છૂટવાની ભાવના વધતી જાય, પોતાના અંગત સ્વાર્થ, ફાયદાઓને ગૌણ ગણી બાજુએ રાખવામાં આવે ત્યારે સંયુક્ત કુટુંબ સ્વર્ગની સીડી સમાન છે તેવી પ્રતીતિ જરૂર થયા વિના ન રહે.

જ્યાં એકબીજા માટે ઘસાઈ છૂટવાની ભાવના હોય, જ્યાં ''મારૂં'' ''હું'' જેવા શબ્દોને સ્થાન ન હોય. ''આપણે'', ''આપણું'' શબ્દો અગ્રતાક્રમ ધરાવતા હોય, જ્યાં ''અમે'', ''અમારો'' કહેવામાં ગર્વ અનુભવાતો હોય, જ્યાં એકબીજાની લાગણી ન દુઃખાવવાનો ખ્યાલ રખાતો હોય, જ્યાં રાજકારણને સ્થાન ન હોય, તેવાં સંયુક્ત કુટુંબો સ્વર્ગની જ પ્રતીતિ કરાવતા હોય. પૃથ્વી પર જો સ્વર્ગ ક્યાંય પણ ભાળવા મળી જાય તો તે સંયુક્ત કુટુંબમાં જ.

દરેક સભ્યો જ્યારે એકબીજાની સાથે હળીમળીને, ખભેખભા મેળવી કુટુંબના પ્રશ્નોનું આસાનીથી નિરાકરણ કરતા હોય, જ્યાં કંઈક મેળવવા કરતાં બીજા માટે કંઈક કરી છૂટવાની ભાવના કેન્દ્રીય સ્થાને હોય, દેરાણી-જેઠાણીના સંતાનોને પોતાના સંતાનો કરતાં વિશેષ પ્રેમથી રખાતાં હોય, રામ, લખમણ, ભરત વચ્ચે કોઈ પણ ભેદભાવ ન કેળવાતો હોય તેના જેવું સ્વર્ગ બીજે ક્યાં ઉદભવી શકે !

મારા નમ્ર મત મુજબ સંયુક્ત કુટુંબના લાભ-અલાભનાં લેખાં-જોખાં કરવા બેસીએ તો લાભનું પલ્લું ઘણું જ નીચે જતું જોવા મળે.

''અહો ! સ્વર્ગ અહીં ઉતર્યું દીશે''.

– **શરદચંદ્ર હરિલાલ શાહ** (''સહસા'') બેંગલોર. (લેખક પોતે ૧૬ સભ્યના પરિવારના વડા છે.)

DEEPAK MAVJI DHAROD Cell : 98490 53458

**BHAVANA TOURS & TRAVELS**

RENT A CAR, INDIGO, SWIFT TAVERA, INOVA, TEMPO TRAVELLER & SEMI LUXURY BUSES

DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK

Address : Near Kachiguda Petrol Pump, Beside Shanti Niketan High School, Kachiguda, Hyd-27

(જા.ખ.)

# R.M AGENCIES
## (RETAIL)
## Pharmaceutical Distributors

3-2-840/1&2 BELOW NAND LODGE, STATION ROAD,
KACHIGUDA, HYDERABAD-500027.



**RETAIL SALES ON WHOLESALE PRICE**

**DISCOUNT UPTO 20%**

**ON MRP OF ALL MEDICINES**

అన్నిరకాల మందులు హోల్‌సేల్ ధరలకే రిటైల్ అమ్మకం

అన్ని మందుల ధరలపై
20% డిస్కౌంట్

ఇక ఆరోగ్యం మన అదుపులోనే

**Contact No.**
**7702084294**

# હાથ-પગ અને શરીરને ધ્રુજાવતો કંપવાત

ખૂબજ સંવેદનશીલ વ્યક્તિઓ જવાબદારીપૂર્ણ હોદો ધરાવતી નિષ્ઠાવાન વ્યક્તિઓ કર્તવ્યનિષ્ઠ વ્યક્તિઓમાં હંમેશા પોતાનાથી કંઈક ખોટું તો નહીં થઈ જાય એવી બીક સાતે કાર્ય કરતી હોય છે. જવાબદારી પૂર્વકનું કાર્ય આવતા હૃદયમાં આછી ધ્રુજારી થઈ જાય છે. ધીમે ધીમે તે ધ્રુજાટી હાથમાં અનુભવવા લાગે છે.

શરૂઆતમાં સહી કરતાં બે ચાર શબ્દો લખતા તે બરાબર ન લખાય હાથ ધ્રુજે સહી કરતી વખતે આવું ખાસ થાય જેના કારણે પહેલા કરતાં અલગ સહી થાય અને બેંકના ચેક કે ખાસ દસ્તાવેજો તેના કારણે પાછા ફરે અને દર્દી માટે મુશ્કેલીની શરૂઆત થાય છે. આ રોગને 'કંપવાત' તરીકે ઓળખવામાં આવે છે. મધ્યમ ઉમરથી માંડી મોટી ઉમરની વ્યક્તિઓમાં આ રોગ વધારે જોવા મળે છે.

એશિયન વ્યક્તિઓ કરતાં યુરોપ કે અમેરિકન વ્યક્તિઓમાં આ રોગનું પ્રમાણ વધારે જોવા મળે છે. પારકિન્સનના શોધક અમેરિકન ન્યુરો સર્જન ડૉ. જેમ પારકિન્સનના કહેવા પ્રમાણે સામાન્ય હાથ-પગમાં એકાએક ધ્રુજારી અનુભવે, લખવાની શરૂઆત કરે, સામાન્ય વસ્તુ હાથમાંથી પડી જાય, બોલતાં ધ્રુજારી અનુભવે, આંખોની પાંપણ નિયમિત રીતે ચાલુ-બંધ રહે, બોલવામાં લોચા લાગે, માણસ સીધી દિશામાં ચાલવાની મુશ્કેલી અનુભવે સીધું ચાલી ન શકે... તેવી તકલીફો દ્વારા જ્ઞાનતંતુઓના નિયંત્રણથી થતા રોગને કંપવાત અથવા પારકિન્સન તરીકે ઓળખવામાં આવે છે. આ રોગની ઓળખ ઈ.સ. ૧૭૫૫ થી ૧૮૨૪ દરમ્યાન પૂર્ણ રીતે કરવામાં આવી. પારકિન્સન થવાના ચોક્કસ કારણો જાણી શકાયા નથી. પરંતુ દર્દીના લક્ષણોમાં... શરૂઆતમાં હાથ-પગના અંગોમાં સામાન્ય કંપવાત જણાય, ધીરે ધીરે શરીરના વિવિધ ભાગોમાં કંપન રહ્યા કરે, ચહેરા-કમર-હાથ-પગના સ્નાયુઓમાં જડતા જોવા મળે છે. ધીરે ધીરે માંસપેશીઓ નબળી પડે છે. બોલવામાં લોચા પડે, બોલવામાં ખૂબજ જોર કરવું પડે, મોંઢા માંથી લાળ પડે, બોલવામાં કે લખવામાં ખૂબજ વિચારવું પડે, દર્દીને ઉભા રહેવામાં તકલીફ પડે, ચાલતા પડી જવાય, દર્દીમાં હતાશા-નિરાશા-ચિંતા-ગુસ્સો- ડિપ્રેશન-રડવું-હસવું-મોટેથી બોલવું વગેરે ચિન્હો જોવા મળે છે. આ ઉપરાંત હાથ-પગના અંગોમાં ખાલી ચડવી, પગમાં ઝણઝણાટી થવી, ડનલોપનાં ગાદલા ઉપર ચાલતા હોય તેવું લાગે. સીડી ચડતાં કે ઉતરતા મુશ્કેલી લાગવી સાથે ચક્કર આવે, નબળાઈ લાગે.

એમ.આર.આઈ., સી.ટી. સ્કેન તથા ઈ.એમ.જી.ના રિપોર્ટથી દર્દીના કંપવાતનું નિદાન થાય છે. લાંબા સમયથી વ્યસની જેવા કે તમાકુ-સિગારેટ-બીડી-ગાંજો-અફીણ-દારૂની આદત હોય તેવી વ્યક્તિઓને ભવિષ્યમાં કંપવાતનો રોગ થવાની શક્યતા છે.

આ રોગની હોમીયોપેથીક સારવારમાં કોન્સ્ટીટયુશન દવાઓ દ્વારા આ રોગમાં અસરકારક પરિણામો જોવા મળે છે.

— દિનેશ ગોસર

**DONATE EYES - LIVE TWICE**

# હરપલ મિઠાસ...

## હોમ મેડ મિઠાઈ

- ✿ મિની સાટા
- ✿ ગોળ પાપડી
- ✿ મોહનથાર
- ✿ ખજુર પાક
- ✿ ફીણીયા લાડુ
- ✿ ઓટ્સ ડ્રાયફ્રૂટ લાડુ
- ✿ ગોળયા લાડુ

✿ વિન્ટર સ્પેશિયલ ✿

- ☼ અડદિયાપાક
- ☼ ગુન્દર પાક
- ☼ ડિંક લાડુ

**RUPAL SAVLA**

Arihant Basera, Flat No. 102,
Kachiguda, Hyderabad

**Ph : 81064 59594**

(જા.ખ.)

# વ્યસન મજા કે સજા ?

**સમાજનું આભૂષણ બનીને સમાજની ઉન્નતિમાં ભાગીદાર થનારી વર્તમાન અને ભાવિ પેઢી ઉલ્ટાનું સમાજ માથે દુષણયુક્ત કલંક બની રહી છે તે ખેદની વાત છે.**

**કૌટુંબિક જવાબદારીના ભાગરૂપે દરેક વડીલે, માતાપિતાએ પોતાના તરૂણ-યુવા સંતાનો પર ચાંપતી નજર રાખીને તેમને વ્યસની બનતા રોકવાના છે. પરિવાર તરફથી તેમને પૂરતો પ્રેમ, હૂંફ અને રક્ષણ મળે, તેમની જરૂરતો પૂરી થાય તથા**

**તેમનામાં માનવજીવનની બહુમૂલ્યતા પ્રસ્થાપિત કરવામાં સક્રિય ભાગ ભજવવાનો છે.**

વ્યસનો માટે કહેવાય છે કે પહેલાં એક વાર તમે તેને પાડોછો પછી તો તે જ તમને પાડતું રહે છે... સતત, રોજેરોજ અને જીવનના અંત સુધી. એ વાત સાફ છે કે અઠંગ વ્યસનીઓના જીવનનો અંત પણ જલ્દી જ આવતો હોય છે.

તન, મન અને જીવનને બરબાદ કરી મૂકતાં આવા વ્યસનોની યાદીમાં દારૂ, ડ્રગ્સ, તમાકુ, ચરસ, ગાંજો, અફીણ એવા કંઇ કેટલાય નામો સામેલ છે. દુનિયાનો દરેક દેશ આ દુષણથી ગ્રસ્ત અને ત્રસ્ત છે. સરકારો પણ પરેશાન છે.

દેશનું જે યુવાધન અને તરૂણવર્ગ દેશ માટે પ્રગતિ અને ગૌરવનું માધ્યમ બની રહેવું જોઈએ તેવાં અસંખ્ય યુવાનો જાતભાતના વ્યસનો અને નશાકારક ચીજોના સકંજામાં સપડાઈને જીવનને નરક બનાવી ચૂક્યાં છે. સમાજનું આભૂષણ બનીને સમાજની ઉન્નતિમાં ભાગીદાર થનારી વર્તમાન અને ભાવિ પેઢી ઉલ્ટાનું સમાજ માથે દુષણયુક્ત કલંક બની રહી છે તે ખેદની વાત છે.

આર્થિક રીતે જીવનને વેરવિખેર કરી નાખતું આ દુષણ લગભગ દરેક રાજ્યમાં ફેલાઈ ચુકેલું છે.

નશીલી ચીજોના તથા વ્યસનકર્તા ઉત્પાદનોના મિડિયેટરોની અર્થાત્ ડ્રગમાફિયાઓની ધાક અને પહોંચ પણ એટલે ''ઉપર'' સુધી હોય છે કે કાયદાના હાથ પણ ઘણીવાર ટૂંકા પડી જાય. દેશમાં અને વિદેશોમાં તેમનું રેકેટ એટલું મજબૂત હોય છે જેને તોડવું કે પડકારવું એટલું આસાન નથી હોતું. એટલે જ કદાચ ગંદો હોવા છતાં તેમનો ધંધો વગર અટકયે આરામથી ચાલી રહ્યો છે.

થોડા જ દિવસો અગાઉ અમદાવાદમાં તથા મુંબઈમાં દરોડા પાડીને દારૂ તથા રેવપાર્ટીની મહેફિલ માણી રહેલા યુવા યુવતીઓને પકડયા હતા. દેશી-વિદેશી બ્રાન્ડની શરાબ, સિગારેટ, નશીલી ચીજવસ્તુઓની મજા માણી રહેલાં એ દરેક યુવાયુવતીઓ તેના નુકસાનથી અજાણ તો નહીં જ હોય.

આવા નશાખોર અને તમાકુ તથા ડ્રગ્સના બંધાણીઓને સરકાર તથા એન.જી.ઓ. દ્વારા યોજાતી શિબિરો અને તેમાં અપાતી સલાહ, સૂચનાઓ તથા ચેતવણીઓમાં ક્યાંથી રસ પડે ભલા !

દારૂ, ડ્રગ્સ અને તમાકુના સેવનથી તેઓ યુવાનીમાં જ તેમનું માનસિક, શારીરિક સ્વાસ્થ્ય બગાડી રહ્યા છે તે તેમને કઈ રીતે મગજમાં ઉતારવું ! કેમ કે આવાં વ્યસનોની ચુંગાલ એટલી ચુસ્ત હોય છે કે એકવાર તેમાં પડયા પછી છૂટવું લગભગ અશક્ય જ હોય છે.

લોકોને વ્યસનોની ખાઈમાં પડતાં અટકાવવા તેમના ગળે ઉતરે તેવાં સૂત્રો પણ અવારનવાર યોજાતાં રહે છે. ***જેમ કે, નશો નાશનું મૂળ છે. જે ઘેર દારૂ, તે ઘેર તાળું. કરશો જો નશો તો વહેલાં નરકમાં જશો. તમે તમાકુ નહીં તમારી જિંદગીને જ ચાવી રહ્યા છો.*** વગેરે વગેરે.

**Admissions Open**

Play School

SHISHU KUNJ The Play School

Nursery

# SHISHU KUNJ
*The Play School*

introduces you

**An after school hour programme for children above 3 years.**

Discover the fun of learning and practicing Phonic Sounds to start reading, writing and word building at

# Phonic Zone

Classes for Calligraphy and Handwriting

**Timings**
**5.00 pm to 6.00 pm**

3-4-376/6, Near Sunrise Apartment
Basant Colony, Kachiguda,
Hyderabad - 500 027

For further details call
**Vaisshali A. Kapadia**
94412 55331

(જા.ખ.)

કહેનારા સરસ રીતે સમજાવવાનો પ્રયત્ન કરતાં હોય છે. ''સિગારેટના એક છેડે આગ હોય છે અને બીજા છેડે મૂરખ!'' તદ્દન સાચી વાત છે. સતત તમાકુ સેવન, પાન-ગુટકા, નશીલી ચીજોના સેવનથી વર્ષોથી હજારો લોકો મોતને ભેટતાં રહે છે. હજારો, આશાસ્પદ યુવા-યુવતીઓ વ્યસનોના દુષ્પરિણામરૂપે વિવિધ શારીરિક સમસ્યાઓમાં સપડાઇને રોગના શિકાર બનતાં રહે છે. તેમનું આંધળું અનુકરણ કરી નવી પેઢીનાં તરૂણો પણ તેમના પગલે ચાલવા થનગનતા રહે છે જે વધુ જોખમી છે.

રોજ-સતત તમાકુંનું વ્યસન કરનારાના હોઠ, ગાલ, ગળું, સ્વરપેટી, ફેફસાં, જીભ વગેરે નાજુક અને મહત્ત્વના અંગોમાં સડો થઈ કેન્સરગ્રસ્ત બને છે. દારૂ તથા ડ્રગ્સના બંધાણીઓ પણ આર્થિક તથા સામાજિક રીતે પાયમાલ થઈ રહ્યા છે. પણ આવું બધું જાણતાં જ હોવા છતાં અને નજર સામે એવા અસંખ્ય ઉદાહરણો હોવા છતાં જેઓ વ્યસન અપનાવે છે અને વાર્યા વળતાં નથી તેઓ ખરા અર્થમાં મૂરખ જ ગણાય !

આ દુષણને ડામવા એકલી સરકારની ફરજ નથી બનતી. કેન્સરની પેઠે દેશના યુવાધનને ખલાસ કરી રહેલાં મહારાક્ષસને નાથવા અને તેનો નાશ કરવા સમાજની દરેક જવાબદાર વ્યક્તિ, સંસ્થા અને એનજીઓ એ કાર્યરત બનવું જરૂરી છે. વ્યસન અપનાવતાં પહેલાં હજારવાર વ્યક્તિએ પોતે વિચાર કરવો જરૂરી છે. કૌટુંબિક જવાબદારીના ભાગરૂપે દરેક વડીલે, માતાપિતાએ પોતાના તરૂણ-યુવા સંતાનો પર ચાંપતી નજર રાખીને તેમને વ્યસની બનતા રોકવાના છે. પરિવાર તરફથી તેમને પૂરતો પ્રેમ, હૂંફ અને રક્ષણ મળે, તેમની જરૂરતો પૂરી થાય તથા તેમનામાં માનવજીવનની બહુમૂલ્યતા પ્રસ્થાપિત કરવામાં સક્રિય ભાગ ભજવવાનો છે.

કેમ કે વ્યસન માત્ર મોજમજા ખાતર જ નથી અપનાવવાતું તેની પાછળ એવાં બહાના પણ રજૂ કરાતાં હોય છે કે તેનાથી ડિપ્રેશન, હતાશા દૂર થાય છે. કોઈ ટેન્શન હોય તો તેમાં રાહત મળે છે. દુનિયા, સમાજ તથા પ્રેમમાં દગો અને પરિવાર તરફથી મળતા દુખોમાંથી મનને શાંતિ આપતો અલૌકિક આનંદ મળે છે વગેરે. પણ તેમને એ સમજાવવું જરૂરી છે કે એ બધો આનંદ ક્ષણિક જ હોય છે. તેના માટે જાન લેવા વ્યસનોને અપનાવવાં એ જ વિકલ્પ નથી હોતો. મનને શાંતિ, આનંદ આપે તેવાં બીજાં અનેક માધ્યમો છે જ. તાકાત, તંદુરસ્તી, ચુસ્તી અને યૌવનનું નૂર હરી લેવા આ વ્યસનો અને નશો જ મોટો ભાગ ભજવે છે. શરીર યુવાનીમાં જ ખોખલું કરી મૂકે છે.

કહે છે ને કોઈને બરબાદ કરવો હોય તો તેને એકવાર કોઈને કોઈ વ્યસન અને નશાના રસ્તો પકડાવી દેવાનો, તે આપોઆપ જ બરબાદ થઈ જશે !

દારૂ હોય, ડ્રગ્સ હોય, અફીણ, ચરસ હોય કે તમાકુંનું વ્યસન હોય તેને બેફામ રીતે અપનાવનાર એક રીતે તો પોતાના જ જીવનરસને ચૂસી રહ્યો હોય છે. જે પેલા કૂતરાને મળતાં ક્ષણિક આનંદ જેટલો અને જેવો જ હોય છે. બાકી તો રોગગ્રસ્ત જીવન અને અંતે પીડાદાયક મોત જ તેનો આખરી ઉપાય બને છે.

બહુ ઓછા લોકો ખૂબ પ્રયત્નો અને સ્વજનોના પ્રેમભર્યા સહકારથી વ્યસનમુક્ત થઈ શક્તાં હોય છે. બાકીનાને જીવનનું મૂલ્ય અને પોતાની ભૂલ સમજાય ત્યારે ઘણું મોડું થઈ ચુક્યું હોય છે અને પાછા વળવાનો સમય કે ઉપાય બચ્યા નથી હોતા. દરેક દેશ-રાજ્યની સરકારોએ ખૂબ જાગૃતિ અને પરિણામલક્ષી પ્રયત્નોથી આ વ્યસનના દાનવને ડામવાનો પ્રામાણિક પ્રયત્ન કરવો જરૂરી છે.

સંકલન : **પંકજ વલ્લભજી સાવલા**

મુંબઈનું પ્રખ્યાત નમકીન, ચીક્કી, ખાખરા હવે હૈદરાબાદમાં

# સમ્રાટ સ્વાદ

નવા વર્ષની
આપ સૌ માનવંતા
ગ્રાહકોને દીલથી
હાર્દિક શુભકામના

ખાખરા (KHAKHRA)
ચીક્કી (CHIKKI)
ચીવડા (CHIWDA)
સેવ/ગાઠીયા (SEV/GATHIYA)
બટર ચકરી (BUTTER CHAKRI)

ફ્રી
હોમ ડીલીવરી
બડીચૌડી થી
2 km સુધી

સોયા વેફર (સ્ટ્રીપસ) (SOYA WAFER)
કેલા વેફર (BANANA WAFER)
બટેરા વેફર (POTATO WAFER)
સોયા કપસ અને સ્ટીક્સ (SOYA CUPS & STICKS)
ચીસ બોલ્સ (CHEESE BALLS)

તથા અન્ય ઘણી સ્વાદીષ્ટ વેરાયટી

કીટ્ટી પાર્ટી, બર્થડે પાર્ટી, ગેટ-ટૂ-ગેધર માટે અમે ઓર્ડરથી ઢોકલા, સેંડવીચ ઢોકલા, ખાંડવી, પુરણપોળી, જોવારી રોટની બનાવી આપીશું

For Free Home Delivery or Shop at your home

what's app or call : **09503565400** (Nitin K. Dand)

**S A M R A T**
**S W A A D**

(જા.ખ.)

104, 1st Floor, Shyam Enclave, Opp. Canara Bank Badi Chowdi, Hyderabad. (T.S.)

## હસતી આંખે રડતાં હૈયે કોહીનૂર ને વંદન

(રાગ : ચંદન સા બદન.... સરસ્વતીચંદ્ર)

ચંદન જેવા શીતળ – હૃદયથી કોમળ...
સૌના હૈયે વસતા ધનજીભાઈ,
મુંબઈ નગરે પ્રયાણ કરશે... (૨)
કહી હૈદ્રાબાદને અલવીદા... ચંદન જેવા શી..
જૈન સમાજના કેવા ભાગ્ય જાગ્યા...
તમે આપ્યા દાનો વણ માંગ્યા...
યશ, કિર્તી, પ્રતિષ્ઠા તમે પામ્યા,
સર્વજીવોને પોતીકા માન્યા...
કોઈ ધાર્મિક – સામાજીક આયોજન થશે...
(૨) ત્યારે ઉણપ તમારી બહુ વર્તાશે... ચંદનજેવા...
અનેક સંસ્થાઓના આધાર સ્થંભ બન્યા,
દિર્ઘ દ્રષ્ટીથી ભગીરથ કાર્ય કર્યા
ઉચ્ચ હોદ્દાઓ તમે સંભાળ્યા,
કુનેહથી કામ કરી જાણ્યા...
તમારી છત્રછાયામાં રહીને... (૨)
સમાજે સોપાનો સર કર્યા... ચંદનજેવા...
કચ્છી સમાજના તમે શીરોમણિ,
યાદ કરતા રહીશું હરેક ઘડી
સદાબહાર તમારી મીઠી મુસ્કાન,
સંસ્થાઓ કરે ભાવથી બહુમાન
'અજ્ઞાની' કહે તમે જ્યાં પણ રહો... (૨)
કોહીનૂર જેવું રહે ઉચું સ્થાન... ચંદનજેવા...

**''અજ્ઞાની'' મહેન્દ્ર વોરા**




## ધનજી લખમશી સાવલા

હે, મારા વ્હાલા હૈદ્રાબાદવાસી કચ્છી સ્વજનો,
ધનશ્રીને વરેલા
નતમસ્તક માનવીને
જીવન શૈલીમાં ઉતારીલો....
લલાટમાં લખેલી વિદાયને
ખમીરતાથી સ્વીકારીલો
મન મસ્તક માને ન માને,
શીઘ્રતાથી સ્નેહથી ખોળો ભરી દો....
સાથીઓની યાદગાર પળો સાથે
વતન એમને જવા દો
લાલ કુમકુમથી એના રૂણને વધાવી લો....

**– હંસકુમાર રાયચંદ સાયલા**


**REVISED ADVERTISEMENT RATES**

**Effective from 1-10-2015**

**COLOUR**

| | | | |
|---|---|---|---|
| *1 | Last Cover Page Outside | Rs. | 3200 |
| *2 | Second Page (Inside) | Rs. | 2800 |
| *3 | Last Page (Inside) | Rs. | 2800 |
| 4 | Pin Page | Rs. | 2400 |

**BLACK & WHITE**

| | | | |
|---|---|---|---|
| *5 | Full Page | Rs. | 800 |
| *6 | Half Page | Rs. | 500 |
| 7 | Quarter Page | Rs. | 200 |
| 8 | Strip | Rs. | 100 |

Note : If any person gives 12 months advertisements in advance, only 10 months payments will be collected. This concession is allowed in item No.1, 2,3,5 & 6 only marked (*).


સુચના : નિયાપોમાં છાપવા માટે જે કોઈ પણ મેટર આપ મોકલાવો વિવિધા માટે લેખો, કવિતા, જીવન ચક્રમાં આવતી નોંધ, જાહેર ખબરો, રિપોર્ટ સર્વે નીચે મોકલાનારનું નામ, સહી, ફોન નંબર સાથે મોકલવા જરૂરી છે.



પરિચયથી
પરિણય
સુધી સફરના સાથી
એટલે
asanjoKUTCH
First Ever Kutchhi Digital E-directory
ની એક માત્ર મેટ્રીમોનીયલ વેબસાઈટ
'અસાંજો કચ્છ' ની ખાસ વિશેષતાઓ
ફક્ત કચ્છી સમાજ માટેની સૌથી મોટી મેટ્રીમોનીયલ વેબસાઇટ
૫૦૦૦ થી પણ વધુ શિક્ષિત પાત્રોમાંથી પસંદગી
૧૦૦% ચકાસણી કર્યા બાદ સ્વીકારાયેલ બાયોડેટા
ફ્રી રજીસ્ટ્રેશન
સૌથી વધુ સકસેસ રેટ
આજે જ રજીસ્ટર કરો...
www.matrimony.asanjokutch.com
Email : matrimony@asanjokutch.com | Phone : 022-29674007/8/09




# ITS A QUIZ TIME

..?! ..?! ..?! ..?!

Ramesh M. Shah
M : 94409 96652

**Answers to the last month quiz :**

1) Girl x Boy
2) Old x Young
3) Up x Down
4) Woman x Man
5) Left x Right
6) Go x Come
7) Day x Night
8) Sunny x Rainy
9) Summer x Winter
10) City x Village

**The persons who have given correct answers are-**

Bindu Nagda
Bhavya Sameer Gada
Bhoomika Savla
Chandrika Savla
Divya Patel
Dhrupti Himeshkumar Dedhia
Devank Shah
Drishti Nagda
Femi Gada
Gaurav Shah
Hemali Kantilal Mota
Heena Vijay Dedhia
Khyati H. Shah
Khyati Pasad
Khush Kailash Chedda
Kalpana Mehta
Mythri Sunil Chedda
Moksh Ajay Shah
Mayank Ajay Shah
Mitali Sawla
Nirmala Maru
Neeta Maru
Naman Kailash Chedda
Pooja Khiresh Lalka
Parul Boricha
Raksha Taunk
Riddhi Chawda
Sushma Shah
Smita D. Mamania
Tarachand B. Heniya
Vijay Dedhia
Vijay Nagda
Yashika Dedhia

## *Quiz for the Month :*

**Fill the following boxes with following numbers :**

**1, 2, 3, 4, 5, 6, 7, 8, 9**

**These numbers are not to be repeated.**

```
    ☐ ☐
  x   ☐
 ------
    ☐ ☐
  + ☐ ☐
 ------
    ☐ ☐
 ------
```

**Now find the solution and send in your answer by whatsapp or SMS to the above mentioned mobile number at the earliest.**

20 Days Medicine only Rs. 350/-

AYURVEDIC (WEIGHT - LOSS) MEDICINE

Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.

• AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 350/-

• AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 350/-

Ph : 9395347264, 9392418463, 040-27564183

(જા.પ.)

Pick up & Drop

CHERIAN NATIONAL

Motor Driving School (ESTD. 1962)

CONTACT : 5-9-169/4, Nampally, Chapel Road, Hyderabad **Cell : 98495 84518**

(જા.પ.૬-૨૦૧૬)

VIDEO TO DVD

Double your money in 6 months (White Money only)

Cell : 93476 49457, 73067 09298

93953 47264, 93924 18463

(જા.પ.)

CA. DIPTI CHHEDA'S

CONCEPT CLASSES

❖ REGULAR BATCH FOR B.COM (ALL PRACTICAL SUBJECTS) STARTING ON 14.11.2016

❖ CA FINAL FINANCIAL REPORTING WITH SPECIAL BATCH FOR ACCOUNTING STANDARDS ON 14.11.2016

❖ IPCC GROUP-2 ADV.ACCOUNTS, AUDITING, IT-SM STARTING ON 21.11.2016

✓ Daily home work checking.

✓ Weekly chapter wise class test with detailed suggested answers.

✓ 25 students per batch.

✓ Booster test series before exam with corrected paper discussion and suggested answers.

✓ Library facility available.

✓ Reading room facility available.

✓ **For Updates Join Dipti Chheda's Concept classes Page**

**Contact 9394393770 / 8121382124**

**Address**: Concept Classes, Opp.Agra Sweets, Nallakunta OU Road, Next to Deccan Grameen Bank, Hyderabad.

CONCEPTUAL TEACHING – A WAY TOWARDS EXCELLENCE

(જા.પ.)

# છેલ્લા ૪૨ વર્ષથી આપની આંખોની સેવામાં

## હૈદરાબાદ-સિકંદરાબાદના

## અગ્રગણ્ય હોલસેલ અને રીટેલ ચશ્માના વેપારી

# વોરા ઓપ્ટિક્સ

# હૈદરાબાદ ઓપ્ટીશીયન

૧) આંખોના નીષ્ણાત ડોક્ટર/ઓપ્ટોમેટરીસ્ટ દ્વારા જાપાની કમ્પ્યુટર દ્વારા આપની આંખોની તપાસ.

૨) લેટેસ્ટ ડીઝાઈનની સસ્તી, મીડીયમ, પ્રીમીયમ, બ્રાન્ડેડ ફ્રેમોની વિશાળ રેન્જ.

૩) ઉચ્ચતમ ક્વોલીટીના પ્રોગ્રેસીવ, બાયફોકલ, ફોટો ગ્રે એન્ટીગ્લેર અને પોલારોઈડ ચશ્માના લેન્સીસની અદ્વિતીય શ્રેણી.

૪) ડેલી પહેરવાના અને બ્રાન્ડેડ, તડકાના ચશ્મા (સન ગ્લાસિસ), ડે એન્ડ નાઈટ ડ્રાઈવીંગના સન ગ્લાસેસની વિશાળ રેન્જ.

૫) ગુજરાતી તમામ ભાઈઓ બહેનો માટે વિશેષ છુટ.

દુનિયાની સર્વશ્રેષ્ઠ બાન્ડસના ઓથીરાઈડસ ઓપ્ટીશીયનસ, રેધન, વોગ, ઓકલી, ટોમી હીલફીગર પોલીસ અરમાની, મોન્ટ બ્લેન્ક, સીલૌટી બોસ એન્ડ લોમ્બ.

**VORA OPTICS**
Wholesale Optical House
4-1-355, Shop Nos. 13C / 14C / 21C / 22C,
Malti Naik Plaza,
Hotel Jaya International Lane, Abids,
Hyderabad -5 00 001.
Ph : 040-66888822 (3 lines) 66888833 (3lines)
**Vijay Vora - 98490 79797,**
**Rajveer Vora - 8019998877**

**HYDERABAD OPTICIANS**
G-26, Kubera Towers
Near Narayanguda Fly Over,
Himayatnagar, Hyderabad - 500 029
**Vimal Vora - 98480 71069**

(જા.ખ.)



શુભ ॥ અનંત ચૌવિશી જીન નમો ॥ લાભ

# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)
૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,
કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. ફોન : ૦૪૦-૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫
સંચાલક : હંસકુમાર રાયચંદ સાયલા ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫, પ્રચાર સંયોજક : રિદ્ધીશ રમેશ જાગીરદાર

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. તથા દર મહિનાના ત્રીજા રવિવારે શ્રી મેડચલ તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તી દીઠ રૂા. ૫૦/- માત્ર તથા બસના લાભાર્થી નો નકરો રૂા. ૫૧૦૦/- છે. આવા સુંદર આયોજનું લાભ જરૂરથી લેશો તથા અન્યને લાભ લેવા પ્રેરીત કરશો.

આ મહિનાના ચોથા રવિવારે તા. ૨૭-૧૧-૨૦૧૬ના યાત્રીકોના આગ્રહથી શ્રી નવગ્રહ મંદીરનું કાર્યક્રમ રાખવામાં આવેલ છે. નકરો રૂા. ૧૦૦/- વ્યક્તી દીઠ. (આ કાર્યક્રમ પૂરતો મર્યાદિત) રાખવામાં આવેલ છે. જેના માટે વેલી તકે નકરો આપી નામ નોંધાવશો.

''ફક્ત રૂા. ૫૦૦/-માં કાયમી સંઘપતી બનવાનો અનેરો લ્હાવો''

શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ પાસે શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે કાયમી સંઘપતી છે. જેથી જાવત જીવન આ પ્રવૃતિ અખંડ પણે ચાલતી રહેશે. હવે શ્રી બૌતેર જીનાલય શ્રી મેડચલ તીર્થ યાત્રા માટે શ્રી સંઘને કાયમી સંઘપતીની આવશ્યક્તા છે. જેના માટે શ્રી સંઘે એક યોજના બનાવેલ છે.

આપશ્રી દર મહિને રૂા. ૫૦૦/- શ્રી સંઘ પાસે જમા કરાવો તથા આપશ્રીના પસંદગીના મહીનાના કાયમી સંઘપતી બનો. વધુ વિગત માટે સંચાલકશ્રીનો સંપર્ક કરશો.

નિયાંપોનો અંક તમારા હાથમાં આવશે ત્યાં સુધી શ્રી સંઘ પેદ્દતુમ્બલમની યાત્રા પૂર્ણ કરી પાછા આવી જશે.

ડિસેમ્બર ૨૦૧૭માં શ્રી રાજસ્થાન તીર્થ યાત્રાનો ભવ્ય આયોજન કરવામાં આવશે. કાર્યક્રમની રૂપરેખા નક્કી થતા જાહેર કરવામાં આવશે. રાજસ્થાન તીર્થ યાત્રા માટે નકરો રૂા. ૧૩૦૦૦/- આપશ્રી રૂા. ૧૩૦૦૦/- સાથે ભરીને નામ નોંધાવી શકો છો. અથવા હમણા રૂા. ૧૦૦૦/- ભરીને નામ નોંધાવો અને બાકીની રકમ ઑગસ્ટ ૨૦૧૭ સુધી પૂરી કરી આપો.

શ્રી સંઘના દશાબ્દી મહોત્સવ નિમિત્તે આજીવન સભ્ય બનાવાની ઝુંબેશ ચાલુ છે. વેલી તકે તમો પણ સભ્ય બની શ્રી સંઘ તરફથી કરવામાં આવનાર કુલપકજી તથા મેડચલ તીર્થ યાત્રાનો લાભ લો.

સાધારણ ફંડની વૃધ્ધી માટે રૂા. ૧૧૧૧/-ના સંકલ્પ અનુદાન પત્રો બહાર પાડવામાં આવ્યા છે. પરિવારના શુભ પ્રસંગને યાદગાર બનાવવા અથવા આપણા પ્રિયજનોની સ્મૃતીમાં આ સંકલ્પ પત્ર લઈ પુણ્યાર્જન કરશોજી.

(જા.ખ.)

**શ્રી કુલપાકજી તીર્થ યાત્રાના કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :**

**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાલ ગાલા પરિવાર,**

**ગામ મોટા લાયજા-કચ્છ, હાલ સાયન-મુંબઈ**

**હસ્તે શ્રીમતી મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર**